# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

**નમસ્કાર,આકાશવાણી,**

OPENING SIGNATURE TUNE

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

## મુખ્ય સમાચાર

**(મ્યુસિક અંડરપ્લે )**

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાકિયાની મુલાકાતના પ્રથમ તબક્કામાં આજે લિસ્બન પહોંચ્યા.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો યોગ્ય સમયે પુનઃસ્થાપિત કરવામાં આવશે.

3) આરોગ્ય અંગેની જાગૃતિ ફેલાવવા આજે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

4) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફની જાહેરાત કર્યા પછી પચાસથી વધુ દેશોએ વેપાર વાટાઘાટ શરૂ કરવા વ્હાઇટ હાઉસનો સંપર્ક કર્યો.

5) IPLમાં, ગુજરાત ટાઇટન્સનસે સનરાઇઝર્સ હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યું: આજે મુંબઈ અને આરસીબી વચ્ચે ટક્કર.

6) દેશનાં પાંચ રાજ્યોનાં 21 શહેરોમાં તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસને પાર.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ - PORTUGAL VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાકિયાની તેમની રાજકીય મુલાકાતના પ્રથમ તબક્કામાં આજે વહેલી સવારે લિસ્બન પહોંચ્યા હતા. રાષ્ટ્રપતિ મુર્મુ તેમના પોર્ટુગલના સમકક્ષ માર્સેલો રેબેલો ડી સોસા સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે. તેઓ પ્રધાનમંત્રી લુઈસ મોન્ટેનેગ્રો અને સંસદના અધ્યક્ષ જોસ પેડ્રો એગ્વાયર બ્રાન્કોને પણ મળશે.

લિસ્બનનાં મેયર રાષ્ટ્રપતિનાં સન્માનમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરશે. રાષ્ટ્રપતિ પોર્ટુગલમાં ભારતીય સમુદાયના સભ્યોને પણ મળશે અને તેઓ વિવિધ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના કેટલાક ભારતીય સંશોધકોને મળે તેવી શક્યતા છે. વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા

(VOICE CAST- POOJA VARDHAN)

# PM- ARRIVAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી થાઇલેન્ડ અને શ્રીલંકાની સફળ મુલાકાત પૂર્ણ કરીને ગઈ કાલે નવી દિલ્હી પહોંચ્યા હતા. શ્રી મોદી છઠ્ઠા બિમ્સટેક શિખર સંમેલનમાં ભાગ લેવા માટે થાઇલેન્ડમાં બેંગકોક ગયા હતા. ત્યારબાદ પ્રધાનમંત્રી શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમાર દિસાનાયકેના આમંત્રણ પર રાજકીય મુલાકાત માટે કોલંબો ગયા હતા.

નવી દિલ્હી પહોંચતા પહેલા શ્રી મોદીએ ગઇકાલે તમિલનાડુની મુલાકાત લીધી હતી જ્યાં તેમણે રામેશ્વરમમાં નવનિર્મિત પમ્બન રેલવે બ્રિજનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે તમિલનાડુમાં આઠ હજાર 300 કરોડ રૂપિયાથી વધુની વિવિધ રેલ અને માર્ગ પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું.

# CONGRESS ADHIVESAN

આવતીકાલે અમદાવાદમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું બે દિવસિય રાષ્ટ્રીય અધિવેશન યોજાઇ રહ્યું છે. ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા તડામાર તૈયારીઓ થઇ રહી છે.

આજે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતના કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ગુજરાત આવી રહ્યાં છે. 64 વર્ષ બાદ ગુજરાતમાં યોજાઇ રહેલા આ સંમેલનમાં ભાગ લેવા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે સહિતના નેતાઓનું આજે આગમન થશે.

# RAHUL BIHAR VISIT

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી આજે બિહારની મુલાકાતે જશે. તેઓ વિદ્યાર્થી નેતા કન્હૈયા કુમારની પદયાત્રામાં જોડાશે અને પટણામાં 'બંધારણની સુરક્ષા' નામના સેમિનારમાં ભાગ લેશે.

સંમેલનમાં ભાગ લેતા પહેલા શ્રી ગાંધી બેગુસરાય જશે, જ્યાં 'સ્થળાંતર બંધ કરો, નોકરીઓ આપો "કૂચમાં ભાગ લેશે.

# AMIT SHAH – JAMMU

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો અને પક્ષના વરિષ્ઠ નેતાઓને ખાતરી આપી છે કે, જમ્મુ ક્ષેત્રમાં આતંક સંબંધિત સ્થિતિને ટૂંક સમયમાં નિયંત્રણમાં લેવામાં આવશે. તેમણે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવા અંગે કેન્દ્ર સરકારના વલણનો પુનરોચ્ચાર કરતા કહ્યું કે તેને યોગ્ય સમયે પુનઃસ્થાપિત કરવામાં આવશે. શ્રી શાહે ત્રિકુટા નગરમાં પક્ષનાં તમામ 28 ધારાસભ્યો સાથે બે કલાક લાંબી બેઠક યોજી હતી.

શ્રી શાહ સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરવા, અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં કરોડો રૂપિયાની પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવા ગઈકાલે સાંજે રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે પહોંચ્યા હતા.

ગૃહ મંત્રી આજે આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાત લેશે અને કઠુઆ જિલ્લામાં બીએસએફ બોર્ડર આઉટ પોસ્ટ વિનયની મુલાકાત લેશે. શ્રી શાહ બપોરે રાજભવન ખાતે જમ્મુ અને કાશ્મીર પોલીસના શહીદોના પરિવારના સભ્યોને મળશે. તેઓ સાંજે શ્રીનગર માટે રવાના થશે.

# WORLD HEALTH DAY

આરોગ્ય અંગેની જાગૃતિ ફેલાવવા આજે સમગ્ર વિશ્વમાં વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. 1948માં 7મી એપ્રિલનાં રોજ વિશ્વ આરોગ્ય સંસ્થાની સ્થાપના થઈ હોવાથી દર વર્ષે 7 એપ્રિલે આ દિવસ ઉજવવામાં આવે છે.

આ વર્ષના વિશ્વ આરોગ્ય દિવસની વિષય વસ્તુ છે- "સ્વસ્થ શરૂઆત, આશાવાદી ભવિષ્ય" .

**રોગો, માનસિક સ્વાસ્થ્ય અંગેનાં પડકારો અને નિવારક સંભાળના મહત્વ વિશે જાગૃતિ વધારવીએ સમગ્ર વિશ્વમાં ટોચની પ્રાથમિકતા બની છે. 1950માં સૌ પ્રથમ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી સૌપ્રથમ વાર 1950 કરવામાં આવી હતી.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# RBI - MPC

**વ્યાજ દર એટલે કે રેપો રેટ નક્કી કરવા માટે ભારતીય રિઝર્વ બેન્કની નાણાકીય નીતિ સમિતિની ત્રણ દિવસની બેઠક આજથી મુંબઇમાં શરૂ થશે. નાણાકીય વર્ષ 2025-26 માટેની આ પ્રથમ નાણાકીય નીતિ બેઠક હશે.**

**બુધવારે RBI મુખ્ય ધિરાણ દરોની જાહેરાત કરશે. RBI દર બે મહિને નાણાકીય નીતિ સમિતિની બેઠક યોજે છે, જેમાં નાણા પુરવઠો, ફુગાવાનો અંદાજ અને અન્ય વ્યાપક આર્થિક સૂચકાંકો જેવા પરિબળોના આધારે વ્યાજ દર નક્કી કરે છે.**

# US TRADE TALKS AFTER TARIFFS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્યાપક નવા ટેરિફની જાહેરાત કર્યા પછી 50થી વધુ દેશોએ વેપાર વાટાઘાટ શરૂ કરવા માટે વ્હાઇટ હાઉસનો સંપર્ક કર્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્રના ટોચના અધિકારીઓએ આ ટેરિફનો બચાવ કર્યો હતો. ટ્રમ્પની જાહેરાતને પગલે ગયા સપ્તાહે અમેરિકાનાં શેરોના મૂલ્યમાં લગભગ

છ ટ્રિલિયન અમેરિકન ડોલરનું નુકસાન થયું છે.

ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે ખાનગી સમાચાર ચેનલને જણાવ્યું કે, ગયા બુધવારની જાહેરાત પછી 50થી વધુ દેશોએ અમેરિકા સાથે વાટાઘાટો શરૂ કરી દીધી છે.

# IPL CRICKET

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સને ગઈકાલે રાત્રે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યું. 153 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાત ટાઇટન્સે 16.4 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને 153 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સુકાની શુભમન ગિલે અણનમ 61 રન બનાવ્યા હતા.

સનરાઇઝર્સ હૈદરાબાદ તરફથી મોહમ્મદ શમીએ બે વિકેટ ઝડપી હતી. અગાઉ ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સનરાઇઝર્સે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને 152 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી મોહમ્મદ સિરાઝે ચાર અને સાઇ કિશોર

તથા પ્રસિધ ક્રિષ્નાએ બે-બે વિકેટ ઝડપી હતી. મોહમ્મદ સિરાઝને 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા.

આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

## **ISSF WORLD CUP** 2025

ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન રુદ્રાંક્ષ બાલાસાહેબ પાટિલે બ્યુનોસ એર્સમાં રમાઇ રહેલી આઈએસએસએફ વિશ્વ કપ 2025માં પુરુષોની 10 મીટર એર રાઇફલ શૂટિંગ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.સ્થાનિક ખેલાડી માર્સેલો જુલિયન ગુટિરેઝે 230.1 સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આઈએસએસએફ વર્લ્ડ કપમાં રુદ્રાક્ષ પાટિલનો આ બીજો વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક છે. તેમણે 2023માં કૈરો ખાતે 10 મીટર એર રાઇફલનો ખિતાબ પણ જીત્યો હતો.

## **IMD---ALERT**

હવામાન વિભાગે ગરમીને લઈને દિલ્હીમાં યલો એલર્ટ અને ગુજરાતમા રેડ એલર્ટ જાહેર કર્યું છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં 8 થી 10 એપ્રિલ સુધી હિટવેવની શક્યતા વ્યકત કરાઇ છે. ગઇકાલે પાંચ રાજ્યોના 21 શહેરમાં તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. રાજસ્થાનના બાડમેરમાં મહત્તમ તાપમાન 45.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઓડિશાના 21 શહેરોમાં વધુ ગરમી પડવાની આગાહી કરી છે.આજે હિમાચલ પ્રદેશના છૂટાછવાયા વિસ્તારોમાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા છે. હરિયાણા અને ચંદીગઢમાં પણ આગામી ૧૦મી તારીખ સુધી આવી જ સ્થિતિ જોવા મળી શકે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

### હવે આજના અખબારોના મુખ્ય સમાચારો

- આજના અખબારોમાં દેશના અનેક રાજ્યોમાં હિટવેવવી સ્થિતિ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પંબન રેલવે ઓવરબ્રિજનું ઉદઘાટન કર્યું , તામિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલો કટાક્ષ સહિતના સમાચાર આજના તમામ અખબારોના પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.
- વર્તમાન પત્રો અનુસાર જોઇએ તો ગુજરાત સમાચારે દેશના સાત રાજ્યોમાં હિટવેવનું એલર્ટના મથાળાં સાથે સમાચાર પ્રકાશિત થયા છે..
- સંદેશે પ્રધાનમંત્રીના નિવેદન સાથે લખ્યું છે કે કેટલાંક લોકોને રડવાની આદત આ સમાચારની હેડલાઇન્સ બનાવી છે
- તમિલ નેતાઓ જ તમિલમાં સહી નથી કરતાં તેવા પ્રધાનમંત્રીના નિવેદન સાથે નવગુજરાત સમયે હેડલાઇન બનાવી છે.
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે આરોગ્યને લગતી સુવિધાઓને લઇને વિશેષ અહેવાલ પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યો છે.
- જ્યારે અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ ટ્રમ્પના ટેરિફ ટેરર બાદના સમાચારને પ્રાધાન્ય આપીને
- ગવર્મેન્ટ અનલાઇકલી ટુ ઇઝ ચેક્સ ઓન ઇનવેસ્ટમેન્ટ ફ્રમો ચાઇનાના મથાળા હેઠળ સમાચાર છાપ્યાં છે.
- રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં અમદાવાદના જીવરાજપાર્કના એક બંગલામાં લાગેલી વિકરાળ આગના સમાચાર પણ દરેક અખબારોએ તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.. માધવપુરના મેળાનો આરંભ, રાજ્યભરમાં રામ નવમીની શોભાયાત્રાઓ તેમજ ગરમીને કારણે ત્રસ્ત નાગરિકોનાના સમાચારો પણ છેલ્લા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- સ્પોર્ટ્સ પેજ ઉપર ગુજતા ટાઇટન્સનો વિજયના સમાચારને પણ દરેક વર્તમાનપત્રોએ પ્રાધાન્ય આપ્યું છે.